ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ **1163/6/2022** તા.**22-06-2022**

**ગુજરાત નવસારીના સાંસદ અને પેજ સમિતિના પ્રણેતા તેમજ મજબૂત સંગઠન શક્તિથી ગુજરાત પ્રદેશના સંગઠનને વધુ મજબૂત કરી કાર્યકરોમાં નવી ઉર્જાનો સંચાર કરનાર યશસ્વી પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબનો વન ડે વન ડિસ્ટ્રીક કાર્યક્રમનો આજ રોજ તારીખ 22 જૂનના રોજ સુરેન્દ્રનગર જીલ્લામા પ્રારંભ થયો.**

----

**પેજ સમિતિ સંમેલન કાર્યક્રમમાં જીલ્લા પ્રમુખશ્રી જગદીશભાઇ મકવાણા,ધારાસભ્ય અને રાજયના મંત્રીશ્રી કિરિટસિંહ રાણાએ પ્રાસંગીક સંબોધન કર્યુ.**

----

**પેજ કમિટિના સભ્યોને કોઇ મળે કે ન મળે પણ મારા પેજ કમિટિના સભ્યોને તેમના જિલ્લામાં જઇને મળવાનો કાર્યક્રમ મે રાખ્યો છે.- શ્રી સી.આર.પાટીલ**

----

**પહેલી વાર મોદી સાહેબ વર્ષ 2014માં લડયા ત્યારે લોકો કહેતા કે એક બાર મોદી સરકાર,બીજી વાર ચૂંટણી 2019માં આવી ત્યારે લોકો કહેતા કે ફિર એક બાર મોદી સરકાર અને હવે લોકો કહે છે કે બાર બાર મોદી સરકાર- શ્રી સી.આર.પાટીલ**

----

**આ વખતની વિધાનસભા ચૂંટણીમાં જીલ્લાની પાંચેય બેઠક જીતી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને આપવાની છે. – શ્રી સી.આર.પાટીલ**

----

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, ગુજરાત નવસારીના સાંસદ અને પેજ સમિતિના પ્રણેતા તેમજ મજબૂત સંગઠન શક્તિથી ગુજરાત પ્રદેશના સંગઠનને વધુ મજબૂત કરી કાર્યકરોમાં નવી ઉર્જાનો સંચાર કરનાર યશસ્વી પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબનો વન ડે વન ડિસ્ટ્રીક કાર્યક્રમનો આજ રોજ તારીખ 22 જૂનના રોજ સુરેન્દ્રનગર જીલ્લામા પ્રારંભ થયો છે. આજે વઢવાણની શ્રી એમ.પી. શાહ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ ખાતે પેજ સમિતિ સંમેલન યોજાયું તેમજ ઉપાસના સર્કલથી કોલેજ સુધી જીલ્લાના કાર્યકરો દ્વારા ભવ્ય બાઇક રેલી અને રોડ શોનું આયોજન કરાયું હતું. આ પેજ સમિતિ સંમેલન કાર્યક્રમમાં જીલ્લા પ્રમુખશ્રી જગદીશભાઇ મકવાણા,ધારાસભ્ય અને રાજયના મંત્રીશ્રી કિરિટસિંહ રાણાએ પ્રાસંગીક સંબોધન કર્યુ. આ કાર્યક્રમમાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબનું જીલ્લા ભાજપના પ્રમુખ,મહામંત્રીશ્રીઓ અને પ્રભારીશ્રીઓએ શાલ,મોમેન્ટો અને ઝાલાવાડની છત્રી આપી સ્વાગત કર્યું.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આ કાર્યક્રમમાં પેજ સમિતિના પ્રણેતા અને યશસ્વી પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબે સંબોધન કરતા જણાવ્યું કે, આજના આ કાર્યક્રમમાં ભાઇઓ કરતા બહેનો વધુ છે. પેજ કમિટિના સભ્યો સાથે સંવાદ કરવાનો અવસર મળ્યો. પેજ કમિટિના સભ્યોને કોઇ મળે કે ન મળે પણ મારા પેજ કમિટિના સભ્યોને તેમના જિલ્લામાં જઇને મળવાનો કાર્યક્રમ મે રાખ્યો છે. ભારતીય જનતા પાર્ટીમાં પેજ સમિતિનો સભ્યએ પાયોનો સભ્ય છે. પેજ કમિટિની તાકાત આખા દેશે જોઇ છે.બ્રિટનના એક સાંસદ એક વાર કમલમમાં મળવા આવ્યા ત્યારે કહ્યુ કે પેજ કમિટિની સિસ્ટમ જે ગુજરાતમાં કાર્યકરોની છે તેને મારે સમજવી છે. બ્રિટન સુધી પેજ કમિટિના સભ્યોને ઓળખતા થઇ ગયા છે. ગુજરાતમાં પેજ કમિટિના સભ્યોએ ડંકો વગાડયો છે. 8 વિધાનસભાની પેટા ચૂંટણીમાં ભાજપના કાર્યકરોએ જીત અપાવી.કોંગ્રેસની બેઠકો પર ભાજપના કાર્યકરોએ ભગવો લહેરાવ્યો. કોંગ્રેસને લાગતું હતું કે આ બેઠકો તેમની છે સરળતાથી જીતી લઇશું પરંતુ ભાજપના કાર્યકરે કોંગ્રેસના ઉમેદવારને હરાવ્યા. પેજ કમિટિની તાકાતથી જીલ્લા પંચયાત,સ્થાનિક સ્વરાજની ચૂંટણી,તાલુકા પંચાયત,નગરપાલિકામાં પણ ભવ્ય વિજય થયો છે. કોંગ્રેસના સુપડા સાફ થઇ ગયા.ભારતીય જનતા પાર્ટીના પેજ કમિટિના સભ્યોને ચૂંટણીમાં જંગી બહુમતથી જીતવાની ટેવ પડી છે.

શ્રી સી.આર.પાટીલ સાહેબે વધુમાં જણાવ્યું કે, આખા દેશમાં ભાજપના કાર્યકર્તાઓને શુભેચ્છકો કહે છે કે પહેલી વાર મોદી સાહેબ વર્ષ 2014માં લડયા ત્યારે લોકો કહેતા કે એક બાર મોદી સરકાર,બીજી વાર ચૂંટણી 2019માં આવી ત્યારે લોકો કહેતા કે ફિર એક બાર મોદી સરકાર અને હવે લોકો કહે છે કે બાર બાર મોદી સરકાર.શુભેચ્છકો અને કાર્યકરોએ નક્કી કર્યુ ત્યારે કોંગ્રેસ માટે કોઇ જગ્યા રહી નથી. ગુજરાતમાં ભાજપ સરકાર આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના સમયથી છે ત્યારથી સતત વિકાસના અનેક કામો કર્યા છે. ભાજપનો કાર્યકર ગર્વ સાથે ગુજરાતમાં વિકાસના એક પછી એક અનેક વિકાસના કામો બતાવી શકે છે. ભાજપ સરકારે મહિલાઓ,યુવાનો,ખેડૂતો સહિત દરેક વર્ગને આવરી યોજનાઓ બનાવી છે. સરકારની અનેક યોજનાઓનો લાભ યોગ્ય લાભાર્થીને અપાવો જોઇએ. ભાજપના કાર્યકરોને સચિવાલયમાં માન મળે છે. ભારતીય જનતા પાર્ટી કાર્યકરોને સન્માન મળે,ચૂંટાયેલા પ્રતિનિધીઓ કે પદાધિકારીઓ કાર્યકરોનું સન્માન જાળવે તે મારો પહેલાથીજ નિર્ધાર રહ્યો છે. આ કોઇ જાહેર સભા નથી આ તો પેજ કમિટિના સભ્યો સાથેનો સંવાદનો કાર્યક્રમ છે. જિલ્લામાં કોઇ પેજ કમિટિ બનાવવાની બાકી હોય તો ઝડપથી પુરી કરવા હાંકલ કરી.પેજ કમિટિના સભ્યોને પ્રાથમિક સભ્ય અને ત્યાર પછી સક્રિય સભ્ય બનાવવા હાંકલ કરી. ચૂંટણી લડવા પહેલા પાર્ટીનો કાર્યકર પહેલા સક્રિય સભ્ય બને તો તેને ટિકિટ મળવાની પ્રાથમિકતા રહે છે. આ વખતની વિધાનસભા ચૂંટણીમાં જીલ્લાની પાંચેય બેઠક જીતી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને આપવાની છે. આ કાર્યક્રમ પરથી લાગે છે કે કોંગ્રેસ તો હાર ભાળી જશે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આ કાર્યક્રમમાં સાંસદ અને પ્રદેશના મહામંત્રીશ્રી વિનોદભાઇ ચાવડા, રાજયના મંત્રીશ્રી કિરિટસિંહ રાણા, પ્રદેશના પુર્વ ઉપાધ્યક્ષશ્રી આઇ.કે.જાડેજા,જીલ્લાના પ્રમુખશ્રી જગદીશભાઇ મકવાણા ,ધારાસભ્યશ્રીઓ શ્રી ધનજીભાઇ પટેલ, શ્રી પરસોત્તમભાઇ સાબરિયા,પ્રદેશના ઉપાધ્યક્ષશ્રી વર્ષાબેન દોશી,જીલ્લાના પ્રભારીશ્રીઓ શ્રી નીતિનભાઇ ભારદ્વાજ,શ્રી નિમુબેન બાંભણીયા,નગર પાલિકાના પ્રમુખશ્રી વિરેન્દ્રભાઇ આચાર્ય, અનુસુચિત જાતિ મોરચાના પ્રદેશ મહામંત્રીશ્રી ગૌતમભાઇ ગેડીયા, જિલ્લાના મહામંત્રીશ્રીઓ શ્રી સિસ્ટમ અનિરુદ્ધસિંહ પઢિયાર,શ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ,શ્રી જયેશભાઇ પટેલ, પુર્વ સાંસદશ્રીઓ,પુર્વ ધારાસભ્યશ્રીઓ અને સંગઠનના હોદેદારશ્રીઓ તેમજ પેજ સમિતિના સભ્યશ્રીઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ યજ્ઞેશ દવે
(પ્રદેશ મીડિયા કન્વીનર)